સને ૨૦૧૬-૧૭ માં ચાલુ બાબતે ઇડીએન.૩૮ હેઠળ ગુજરાતી વિશ્વકોષ ગ્રંથના પ્રકાશન માટે ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટને સહાયક અનુદાન આપવા માટે રુ.૩૦.૦૦ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: પસક/૧૦૨૦૦૭/૮૮૦ /ર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૪/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો તા.૦૧/૦૪/૧૬ના પત્ર ક્રમાંકઃબજટ/ચા.બા./વ.મં/૨૦૧૬/૮૯૪

ઠરાવ –

ગુજરાતી વિશ્વકોષ ગ્રંથના પ્રકાશન માટે સને ૨૦૧૬-૧૭ માં ચાલુ બાબતે ઇડીએન.૩૮ હેઠળ ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ,અમદાવાદને સહાયક અનુદાન આપવા માટે રુ.૩૦.૦૦ લાખની (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા )ની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારની વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાને અંતે ગુજરાતી વિશ્વકોષ ગ્રંથના પ્રકાશન માટે સને ૨૦૧૬-૧૭ માં ચાલુ બાબતે ઇડીએન.૩૮ હેઠળ ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ,અમદાવાદને સહાયક અનુદાન આપવા માટે રુ.૩૦.૦૦ લાખની (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા )ની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭)આઇ.ટી.સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૧૧)તા.૧/૪/૨૦૧૬ થી ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૦૨-સામાન્ય શિક્ષણ-૦૫-ભાષા વિકાસ-૧૦૨-અર્વાચીન ભારતીય ભાષાઓ અને સાહિત્યને ઉતેજન-૦૪-ઇડીએન-૩૮- ગુજરાત વિશ્વકોષ સહાયક અનુદાન હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (શિ.)ની તા.૭/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- મુખ્ય સંપાદકશ્રી,ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, શ્રી કસ્તુરભાઇ લાલજીભાઇ વિશ્વ વિદ્યાલય સંકુલ,રમેશપાર્કની બાજુમાં, વિશ્વકોષ માર્ગ,ઉસ્માનપુરા,અમદાવાદ-૩૮૦૦૧૩

-- ઉચ્ચ શિક્ષણકમિશ્નરશ્રી, બ્લોક નં.૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.

-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.